જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૧૧/૨૦૧૮ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** સમાચાર યાદી નં.૨૨૨૮/૧૮

### શહેરકોટડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.-૧૯૩/૨૦૧૮થી ઈ.પી.કો કલમ ૩૦૨, ૩૨૩, ૧૧૪ જી.પી.એક્ટ ૧૩૫(૧) તથા એટ્રોસીટી એક્ટ કલમ ૩,૨,૫ મુજબના ગુનાના નાસતા ફરતા આરોપીઓને ગણતરીના કલાકોમાં પકડી પાડતી શહેરકોટડા પોલીસ અમદાવાદ શહેર

ગઈ તા.૧૦/૧૧/૨૦૧૮ ના રોજ રાતના અગિયારેક વાગ્યાના સુમારે અરવિંદ મીલના પાછળના બંધ દરવાજા આગળ સાતેક જેટલા અજાણ્યા ઈસમોએ બીપીન તેના મિત્ર પીયુષ ઉર્ફે પીન્ટુને શરીરે ફેંટોથી માર મારી બીપીનના શરીર ઉપર તીક્ષ્ણ હથીયારથી ગંભીર ઈજાઓ પહોચાડી આરોપીઓ નાસી ગયેલ અને સારવાર દરમ્યાન બીપીન મરણ ગયેલ હોય જે બાબતે શહેરકોટડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.-૧૯૩/૨૦૧૮ થી ઈ.પી.કો કલમ ૩૦૨, ૩૨૩, ૧૧૪ જી.પી.એક્ટ ૧૩૫(૧) તથા એટ્રોસીટી એક્ટ કલમ ૩,૨,૫ મુજબનો ગુનો દાખલ થવા પામેલ અને આ ગુનાના નાસતા ફરતા આરોપીઓને ગુનાની ગંભીરતા સમજી ખાસ સયુક્ત પોલીસ કમિશનરશ્રી વિશ્વકર્મા સાહેબ તથા ઈન્ચાર્જ નાયબ પોલીસ કમિશ્નરશ્રી મોમાયા સાહેબ અને મદદનીશ પોલીસ કમિશનરશ્રી દેસાઈ સાહેબે અમોને પકડવા સારૂ સુચના કરેલ હોય જેથી આ ગુનાના આરોપીઓ નં.(૧) ભેરવસિંઘ ઉર્ફે ભેરુ નારૂસિંઘ કુમાવત તથા નં.(૨) રવી પવનકુમાર પાંડે તથા નં.(૩) વિક્રમસિંઘ નારાયણસિંઘ ચૌહાણ તથા નં.(૪) દિપક ઉર્ફે દિપો અમરતભાઈ હીરાગર નાઓને હસ્તગત કરવા સારૂ સુચના કરેલ હોય જેથી અમો તથા સરવેલન્સ પો.સ.ઈ તથા સ્ટાફના માણસો સાથે ખાનગી રાહે વોચ કરી બાતમી મેળવતા ઉપરોક્ત ચારેય આરોપીઓ મેમ્કો ચાર રસ્તા પાસે ભેગા થવાના હોવાની હકીકત આધારે વોચ ગોઠવતા ઉપરોક્ત ચારેય આરોપીઓ આજરોજ તા.૧૪/૧૧/૨૦૧૮ ના કલાક ૧૧/૧૫ મળી આવતા ઉપરોક્ત ગુનાના કામે હસ્તગત કરવામાં આવેલ છે અને આગળની વધુ તપાસ અર્થે આરોપીઓનો કબ્જો મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એસ.સી. એસ.ટી સેલ નાઓને સોંપવામાં આવેલ છે.

<u>નોધ:- આરોપીઓનો પૂર્વ ઈતિહાસ</u>

(૧) ભેરવસિંઘ ઉર્ફે ભેરુ નારૂસિંઘ કુમાવત નાઓ અગાઉ ઓઢવ, રામોલ, બાપુનગર, મેઘાણીનગર, નરોડા, નારણપુરા, સુરેન્દ્રનગર જીલ્લાના લીંબડી પોલીસ સ્ટેશનોમાં લુટ તેમજ મારામારીના ગુનામાં પકડાયેલ છે.

(૨) રવી પવનકુમાર પાંડે નાઓ અગાઉ રામોલ પોલીસ સ્ટેશન ખાતે અગાઉ મર્ડરના ગુનામાં પકડાયેલ છે. તથા બીજા પણ મારામારીના ગુનામાં પકડાયેલ છે.

(૩) વિક્રમસિંઘ નારાયણસિંઘ ચૌહાણ નાઓ અગાઉ રામોલ પોલીસ સ્ટેશન ખાતે પ્રોહીબીશનાના ગુનામાં તથા મારામારીના ગુનામાં પકડાયેલ છે અને જુનાગઢ ખાતે પાસા ભોગવેલ છે.

**<u>નવરંગપુરા પોલીસ સ્ટેશન :</u>**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧, તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧, તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "ખ" વિભાગ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ આધારે ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેકટર શ્રી એચ.બી.પટેલ નવરંગપુરા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર તથા સ્ટાફના માણસોએ મહેશભાઇ સ/ઓ સોમાજી રામાજી ઠાકોર ઉ.વ.૩૯, ધંધો- નોકરી રહેવાસી. ૧૭૨૫/૧, રામાજીનો વાસ, નવરંગપુરા પોલીસ સ્ટેશનની પાછળ, નવરંગપુરા, અમદાવાદ શહેર નાનો મિલકત સબંધી ગુનાઓ કરવાની પ્રવુતી સાથે સંકળાયેલ હોય તેના વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી નાઓ તરફ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૧૦૬૮/ ૨૦૧૮, તા.૧૩/૧૧/૨૦૧૮થી પાસા હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને આજરોજ તા,૧૪/૧૧/૨૦૧૮ ના કલાક ૧૨/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી "ભુજ જેલ" ખાતે પાસા અટકાયત હેઠળ રહેવા સારૂ જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.તા,૧૪/૧૧/૨૦૧૮

## <u>પાસા અટકાયતીના પાંચ આરોપીઓને પકડી અલગ અલગ જેલમાં મોકલી આપતી નારોલ પોલીસ</u>

**મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા ઈ.ચા.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'કે' ડિવિઝન નાઓ તરફથી વધુમાં વધુ પાસાના અટકાયતી પગલા લેવા સુચના આપતા જે સુચના આધારે સિનીયર પોલીસ ઈન્સપેકટરશ્રી આર.એ.જાદવ નાઓએ પ્રોહીબિશનના ગુનામાં પકડાયેલ આરોપીઓનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસા હુકમ ક્રમાકઃ-(૧) પીસીબી/ડીટીએન/પાસા/૧૦૭૩/૨૦૧૮ ના કામે પાસા અટકાયતી સાજીદખાન હબીબખાન પઠાણ ઉ.વ.૩૯ રહે. ૬૮૨/૬ ઘડીયાળી મંજીલ મિરઝાપુર પોલીસ ચોકી પાછળ શાહપુર અમદાવાદ શહેર નાઓને પાલારા જેલ ભુજ તથા (૨) પીસીબી/ડીટીએન/પાસા/૧૦૭૪/૧૮ ના કામે પાસા અટકાયતી કેતન ચંદુભાઈ ઝાલા ઉ.વ.૩૨ રહે.૫૮૫/૧ માતાવાળો ખાંચો નાની હમામ મિરઝાપુર શાહપુર અમદાવાદ શહેર નાઓને રાજકોટ જેલ તથા (૩) પીસીબી/ડીટીએન/પાસા/૧૦૭૫/૧૮ ના કામે પાસા અટકાયતી મનીષ ભગવાનદાસ ચૌહાણ ઉ.વ.૩૦ રહે. મ.નં.૬૩૬ પંચશેરી ઘી કાટા કોર્ટની સામે અમદાવાદ શહેર નાઓને ભાવનગર જેલ તથા (૪)પીસીબી/ડીટીએન/ પાસા/૧૦૭૬/૧૮ ના કામે પાસા અટકાયતી તારાબેન વા/ઓફ કેતન ચંદુભાઈ ઝાલા ઉ.વ.૨૮ રહે.૫૮૫/૧ માતાવાળો ખાંચો નાની હમામ મિરઝાપુર શાહપુર અમદાવાદ શહેર નાઓને વડોદરા જેલ તથા (૫) પીસીબી/ડીટીએન/પાસા/ ૧૦૭૭/૧૮ ના કામે પાસા અટકાયતી મારૂફા વા/ઓફ સાજીદખાન હબીબખાન પઠાણ ઉ.વ.૨૫ રહે. ૬૮૨/૬ ઘડીયાળી મંજીલ મિરઝાપુર પોલીસ ચોકી પાછળ શાહપુર અમદાવાદ શહેર નાઓ લાજપોર જેલ સુરત ખાતે મોકલી આપવાનો હુકમ થયેલ હોય જેથી ઉપરોકત પાંચેય આરોપીઓને પાસા હુકમની બજવણી કરી અલગ અલગ જેલમાં આજરોજ તા.૧૪/૧૧/૧૮ ના રોજ મોકલી આપવા તજવીજ કરેલ છે .તા.૧૪/૧૧/૨૦૧૮**

## વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફાયરીંગ ના ગુનામાં નાસતા ફરતા આરોપીઓ પૈકી બે આરોપીઓને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુકત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ભગિરથસિંહ ગોહિલ નાઓએ ગઇ તા.૦૯/૧૦/૨૦૧૮ ના રોજ રાત્રિના સમયે વેજલપુર વિસ્તારમાં ફાયરીંગ કરનાર ઇસમોને તાત્કાલિક શોધી કાઢવા સારુ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના એન્ટીઓર્ગેનાઇઝડ સ્કોડના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.જે.જાડેજા તથા પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી આઇ.એસ.રબારી તથા શ્રી એસ.બી.દેસાઇ તથા સ્કોડના માણસો ને મળેલ બાતમી હકિકત આધારે (૧) ઉસ્માન ઉર્ફે શાહરૂખ સ/ઓ સરદારખાન જાતે પઠાણ ઉવ.૪૦ રહે:- નુર પાર્ક, હાજીમ પાર્ક ની સામે, ગ્યાસપુર ભાટા, ફતેવાડી, અમદાવાદ શહેર તથા નં (૨) કયુમ સ/ઓ બાબુભાઇ શેખ ઉવ.૩૩ રહે:- મ.નં સી-૧૯૬ સી-વોર્ડ ૭૮૬ પાનના ગલાની સામે સંકલીતનગર જુહાપુરા અમદાવાદ શહેર નાઓને તા.૧૫/૧૧/૨૦૧૮ ના રોજ ઝડપી પાડેલ છે.

ઉપરોકત આરોપીઓની પુછપરછ કરતાં ગઇ તા.૦૯/૧૧/૨૦૧૮ ના રોજ રાત્રિના સમયે આરોપી નં.(૧) ઉસ્માન ઉર્ફે શાહરૂખ ના સાળા નામે અઝહર કિટલી તથા સરફરાજ કિટલી નાઓને વેજલપુર મા રહેતા સોહીલ નામના છોકરા સાથે ગાળાગાળી થયેલ જેનો બદલો લેવા સારુ પોતાના સાળાએ બોલાવતા તેઓની સાથે બંન્ને આરોપીઓ મારામારી ઝઘડો કરી ફાયરીંગ કરી નાસી ગયેલ હોવાની હકીકત જણાવેલ જેથી સદરી બંન્ને આરોપીઓને પકડી અટક કરી વેજલપુર પોલીસ સ્ટેશનમાં સોંપવા સારુ તજવીજ કરવામાં આવેલ છે.

**આરોપીઓનો ગુનાહીત ઇતિહાસ**:-

(૧) ઉસ્માન ઉર્ફે શાહરૂખ અગાઉ સરખેજ અને વેજલપુર પોલીસ સ્ટેશન મા મારામારીના બે કેસોમાં પકડાયેલ છે તથા ક્રાઇમબ્રાન્ચ મા દેશી દારુના કેસમા પકડાયેલ છે.

(૨) કયુમ શેખ નાનો અગાઉ સરખેજ પોલીસ સ્ટેશનમાં ખુન ના કેસમા પકડાયેલ છે તથા સાણંદ પોલીસ સ્ટેશનમાં લુંટ ના ગુનામા તથા વેજલપુર પોલીસ સ્ટેશન માં મારામારીના કેસમા પકડાયેલ છે.

## રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન ના મોબાઇલ લુંટ ના ગુનામા સંડોવાયેલ ઇસમને લુંટ કરેલ મો.ફોન સાથે ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં ખાસ પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ભગિરથસિંહ ગોહિલ નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં પર્સ તથા મો.ફોન ની ચિલઝડપ તથા લુંટ જેવા ગુનાઓ કરતા આરોપીઓને શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાન્ચના એન્ટીઓર્ગેનાઇઝડ સ્કોડના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેકટરશ્રી એસ.જે.જાડેજા, તથા પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી આઇ.એસ.રબારી તથા શ્રી એસ.બી.દેસાઇ તથા સ્ટાફનાં માણસોને મળેલ બાતમી હકિકત આધારે આરોપી મોહમદ મુઝમમીલ ઉર્ફે ફેફડા S/O કાસમભાઇ જાતે ખલીફા ઉવ.૨૮ રહે. ઇ-૪૪૮ ઇ-વોર્ડ સંકલીતનગર. પાણીની ટાંકીની પાસે, જુહાપુરા અમદાવાદ શહેર નાને તા.૧૪/૧૧/૨૦૧૮ ના રોજ લુંટ કરેલ સેમસંગ કંપનીના મો.ફોન કિં.રૂ.૫,૦૦૦/- સાથે ઝડપી પાડેલ છે.

સદરી ઇસમની પુછપરછ કરતાં જણાવેલ કે પોતે પોતાના સાગરિત સાથે મળી એકસેસ મો.સા ઉપર રિવરફ્રન્ટ રોડ ઉપર આવી સાયકલ ઉપર જતા રાહદારીનો મો.ફોન ચાલુ ગાડીએ લુંટ કરી નાસી જતા હતા અને પોતાની પાસેથી મળી આવેલ મો.ફોન વીસેક દિવસ પહેલા પોતાના સાગરિત સાથે મળીને રિવરફ્રન્ટ રોડ ઉપર સાયકલ લઇને જતા રાહદારી પાસેથી લુંટ કરેલ હોવાની હકીકત જણાવેલ અને સદરી બાબતે સાબરમતી રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશનમાં । ગુ.ર.નં. - ૨૪/૨૦૧૮ ઇપીકો કલમ ૩૯૨, ૧૧૪ મુજબ બે અજાણ્યા ઇસમો વિરુધ્ધમાં ગુન્હો દાખલ થયેલ હોય સદરી પકડાયેલ આરોપીને રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન માં સોપવા સારૂ તજવીજ કરવામા આવેલ છે તેમજ અન્ય કેટલા ગુન્હાઓ આચરેલ છે તે દિશામા તપાસ તજવીજ ચાલુ છે.

પકડાયેલ આરોપી અગાઉ એસ.ઓ.જી. ક્રાઇમબ્રાન્ચ માં આર્મ્સ એકટ મુજબના ગુનામા પકડાયેલ છે.

## પાસા અટકાયતના આરોપીને પકડી ભુજ જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના આપતા જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી એન.એમ.પટેલ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ અગાઉ શરીર સબંધી ગુનાઓમા પકડાયેલ માથાભારે ઇસમ પ્રહલાદભાઇ હરિશચન્દ્ર પંચાલ ઉ.વ ૪૮ રહે,મ.નં એ/૬ હરિકૃપા લક્ષ્મી કોલોની ઘોડાસર કેનાલ રોડ ઘોડાસર ઇસનપુર અમદાવાદ શહેરનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/૧૦૬૨/૧૮ તા ૧૨/૧૧/૧૮ થી પાસા કરી સદરીને તા ૧૨/૧૧/૧૮ ના રોજ પાસામા ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપેલ છે તા ૧૩/૧૧/૨૦૧૮

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પ્રોહીની અસામાજીક પ્રવુતિ અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અન્વયે સીનીયર પોલીસ ઇન્સ્પેકટર શ્રી પી.જી.સરવૈયા મેઘાણીનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર તથા સ્ટાફના માણસોએ અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા રહેતો પોપસીંગ ઉર્ફે પપ્પુ s/ઓ નવલસિંહ જાતે પરિહાર ઉ.વ.૫૨ રહે.કાચવાળી ચાલી હિમગીરી સ્કુલની પાસે ચમનપુરા મેઘાણીનગર અમદાવાદ શહેર નાનો પ્રોહીની પ્રવુતિ સાથે સંકળાયેલ છે જે ચોરી-છુપીથી પ્રોહીની અસામાજીક પ્રવુતિ કરતો હોય જેની વોચમા રહી અવાર નવાર દેશીદારૂના કેસો કરેલ છે. જેમા મેઘાણીનગર પોલીસ સ્ટેશન (૧) પ્રોહી ગુ.ર.નં ૫૦૪૬/૧૬ ધી.પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી), ૬૫(ઇ), મુજબ તથા (૨) પ્રોહી ગુ.ર.નં ૫૦૧૭/૧૭ ધી.પ્રોહી એકટ કલમ ૬૬(બી),૬૫(ઇ),૮૧ મુજબ તથા (૩) પ્રોહી ગુ.ર.નં ૫૧૮૫/૧૭ ધી.પ્રોહી એકટ કલમ ૬૬(બી),૬૫(ઇ), (૪) પ્રોહી ગુ.ર.નં ૫૩૫૭/૧૭ ધી.પ્રોહી એકટ કલમ ૬૬(બી),૬૫(ઇ (૫) પ્રોહી ગુ.ર.નં ૫૫૪૫/૧૭ ધી.પ્રોહી એકટ કલમ ૬૬(બી),૬૫(ઇ) (૬) પ્રોહી ગુ.ર.નં ૫૫૫૫/૧૭ ધી.પ્રોહી એકટ કલમ ૬૬(બી),૬૫(ઇ) (૭) પ્રોહી ગુ.ર.નં ૫૨૭૧/૧૭ ધી.પ્રોહી એકટ કલમ ૬૬(બી),૬૫(ઇ) (૮) પ્રોહી ગુ.ર.નં ૫૩૦૮/૧૮ ધી.પ્રોહી એકટ કલમ ૬૬(બી),૬૫ એ,(ઇ) મુજબના ગુનાઓ નોધાયેલ છે સદરી આરોપી વિરુધ્ધ પુરાવા એકત્રિત કરી મે.પોલીસ કમિશ્નરશ્રી સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક/PCB/DTN/ પાસા/૧૦૬૯/૧૮ તા.૧૩/૧૧/૨૦૧૮ અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને આજરોજ તા.૧૪/૧૧/૨૦૧૮ ના કલાક ૧૪/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી "મધ્યસ્થ જેલ રાજકોટ" ખાતે પાસા અટકાયતીને જરુરી જાપ્તા સાથે મોકલી આપવામા આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.